# ૧૦. એક જ લક્ષ્ય

**– સંકલિત**

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિમાં દર્શાવેલો પ્રસંગ મહાભારતમાંથી લીધેલો છે. અર્જુનના પાત્ર દ્વારા સૂચવવામાં આવ્યું છે કે સફળતા મેળવવાનો પાયો એકાગ્રતા છે.

પાંડવો અને કૌરવો દ્રોણાચાર્ય ગુરુ પાસે અભ્યાસ કરતાં હતાં. એક વખત ગુરુ નિશાન તાકવાની પરીક્ષા લેવાનો નિર્ણય કરી બધાંને મેદાનમાં બોલાવે છે. કોઈનામાં એકાગ્રતા ન હોવાને કારણે અર્જુન એકલો જ નિશાન તાકવામાં સફળ બને છે. નિશાન તાકતી વખતે નજર પોતાના લક્ષ્ય ઉપર જ હોવી જોઈએ, લક્ષ્ય સિવાય આજુબાજુનું કંઈ જ ન દેખાય ત્યારે જ સફળ થવાય તેવું ગુરુ બધાને સમજાવે છે.

દ્રુપદ રાજાના દરબારમાંથી અપમાન પામીને દ્રોણ ફરતા ફરતા હસ્તિનાપુર પાસે આવી ચઢ્યા. નગરની પાસેના ઉપવનમાં રાજકુમારો રમતા હતા. રમતાં રમતાં રાજકુમારોનો દડો કૂવામાં પડી ગયો હતો. એ જાણી દ્રોણે પોતાની અસ્ત્રવિદ્યાથી તે દડો બહાર કાઢી આપ્યો. કુમારોએ આ વાત ભીષ્મ પિતામહને તથા મહારાજ ધૃતરાષ્ટ્રને જણાવી. એટલે તે બંનેએ વિચાર કરીને દ્રોણને રાજકુમારોના ગુરુ નીમ્યા.

પછી પાંડવો તથા કૌરવો દ્રોણગુરુની પાસે રહી અભ્યાસ કરવા લાગ્યા. કેટલોક સમય વીત્યા પછી કુમારોની પરીક્ષાનો વખત આવ્યો. કુમારોને દ્રોણગુરુ પાસેથી કેવી કેવી વિદ્યાઓ મળી છે તે હસ્તિનાપુરની સમગ્ર પ્રજા જાણે ને જુએ એવી ભીષ્મની ઇચ્છા હતી, તેથી એક ભવ્ય મંડપ ઊભો કરી બધાં નગરજનો સમક્ષ કુમારોની પરીક્ષા કરવાની ગોઠવણ કરવામાં આવી.

પરીક્ષાને દિવસે રાજકુમારો સજ્જ થઈને પોતપોતાનાં ધનુષ્યબાણ લઈ મંડપમાં આવ્યા. બહાર મેદાનમાં દૂર એક ઝાડ ઉપર ધોળા રંગનું એક બનાવટી પક્ષી ગોઠવ્યું હતું. તેની બે આંખો લાલ રત્નોની બનાવી હતી. અસંખ્ય નગરજનો પરીક્ષા જોવા મંડપમાં ભેગાં મળ્યાં હતાં.

કુમારો તૈયાર થયાં. તેમનાં ધનુષ્યો તૈયાર થયાં. તેમનાં તીરો તૈયાર થયાં. તેમનાં હાથ તૈયાર થયાં, તેમની આંખો તૈયાર થઈ.

દ્રોણાચાર્યે કુમારોને કહ્યું, ‘કુમારો, જુઓ, પેલા દૂરના ઝાડ પર પક્ષી ગોઠવ્યું છે તેની જમણી આંખ તમારે વીંધવાની છે.’

આચાર્ય બોલ્યા, ‘કુમાર યુધિષ્ઠિર, પહેલો તમારો વારો. જુઓ, આ હું ઊભો છું, સામે ભૂરું આકાશ છે, પેલું રહ્યું ઝાડ અને તેના પર પક્ષી છે. તમે એ સર્વને જુઓ છો ?’

યુધિષ્ઠિર ઊભા થયા, ધનુષ્યબાણ હાથમાં લીધાં અને પક્ષીની સામે નજર કરતા બોલ્યા, ‘ગુરુ મહારાજ, હું તમને જોઉં છું, ભૂરા આકાશને જોઉં છું, દૂરના ઝાડને જોઉં છું અને પક્ષીને પણ જોઉં છું.’

યુધિષ્ઠિરના આ જવાબથી દ્રોણ દુઃખ પામી બોલ્યા, ‘તમે બેસી જાઓ !’



પછી દુર્યોધનનો વારો આવ્યો, 'દુર્યોધનકુમાર, આ હું ઊભો છું, સામે ભૂરું આકાશ છે, પેલું ઝાડ છે અને તેના પર પક્ષી છે. તમે એ સર્વને જુઓ છો ?'

દુર્યોધને હાથમાં ધનુષ્યબાણ લેતાં જવાબ આપ્યો, 'ગુરુદેવ, હું આ બધા ભાઈઓને દેખું છું, તમને દેખું છું, ભૂરા આકાશને દેખું છું, ઝાડને દેખું છું અને તેના પર મૂકેલા પક્ષીના ધોળા શરીરને પણ દેખું છું.'

દ્રોણે પગ પછાડી કહ્યું, 'બેસી જાઓ !' પછી ભીમસેન ઊભો થયો અને આચાર્યના પ્રશ્નના ઉત્તરમાં બોલ્યો, 'ગુરુજી, હું તમને સૌને દેખું છું, આકાશને દેખું છું, આકાશમાં મોટાંમોટાં વાદળાં દોડે છે તે પણ દેખું છું, ઝાડ દેખું છું, ઝાડના કોતરમાં પેલો બિલાડો ફરે છે તેને દેખું છું અને ઝાડ ઉપર તમે કંઈક ધોળું ગોઠવ્યું છે તે પણ દેખું છું.'

દ્રોણ કંઈ બોલ્યા નહિ. તેમણે ભીમને બેસાડી દીધો. ગુરુએ ઘણા કુમારોને એક પછી એક ઊભા કર્યા, પણ કોઈના ઉત્તરથી તેમને સંતોષ ન થયો.

છેવટે તે અર્જુન તરફ વળ્યા, 'બેટા, અર્જુન ! હવે તારો વારો છે. ઊઠ તૈયાર થા. જો, આ હું ઊભો છું, સામે ભૂરું આકાશ છે, દૂર પેલું ઝાડ છે અને તેના પર પક્ષી છે. તું એ સર્વને જુએ છે ?'

દ્રોણ હજી વાક્ય પૂરું કરે છે ત્યાં અર્જુન બોલી ઊઠયો, 'ગુરુદેવ, હું તમને દેખતો નથી, આકાશને દેખતો નથી, ઝાડને દેખતો નથી, માત્ર એક પક્ષીને દેખું છું, બાણ છોડવાની આજ્ઞા આપો.'

'બેટા અર્જુન !' દ્રોણ બોલ્યા, 'અમને કોઈ ને દેખતો નથી ! એકલા પક્ષીને જ દેખે છે ?'

અર્જુને તરત જ જવાબ વાળ્યો, 'મહારાજ ! હવે તો આખા પક્ષીને પણ દેખતો નથી, માત્ર તેનું માથું દેખું છું.' અને દ્રોણ કંઈ બોલવા જાય ત્યાં તો તે ફરી બોલી ઊઠયો, 'મહારાજ, હવે તો પક્ષીનું માથું પણ દેખતો નથી, માત્ર બે રાતા રાતા તારા ઝગમગે છે તેને જ દેખું છું.'

'બેટા, એમાંના જમણાને જ વીંધ.'

દ્રોણના આ શબ્દોની સાથે અર્જુનનું બાણ સરરર કરતું છૂટયું અને પક્ષીની જમણી આંખ વીંધાઈ ગઈ.

'શાબાશ, બેટા, શાબાશ. તું મારો સાચો શિષ્ય છે. તારા પર હું આજે બહુ પ્રસન્ન થયો છું. બેટા, આ અસ્ત્રવિદ્યામાં મારો કોઈ શિષ્ય તારાથી ચડિયાતો નહિ થાય એવું મારું વરદાન છે.'

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆતમાં આપણા પુરાણ ગ્રંથ મહાભારત વિશેની પૂર્વભૂમિકા વિદ્યાર્થીઓ પાસે રજૂ કરવી. પાંડવો અને કૌરવોનો પ્રાથમિક પરિચય આપવો. તેમના ગુરુ દ્રોણચાર્યની પણ ઓળખ કરાવવી. રાજકુમારોને અપાતી જુદી જુદી વિદ્યાઓની તાલીમ બાબત સ્પષ્ટીકરણ આપવું, બીજા ભાઈઓની તુલનામાં અર્જુનમાં રહેલા વિશેષ ગુણ બાબત પ્રશ્નો પૂછવા. તેના ઉત્તરને આધારે વિદ્યાર્થીઓને એકાગ્રતા કેળવવા પ્રોત્સાહન આપવું. લઘુપ્રશ્નોની સહાયથી વિષયવસ્તુનું સમગ્ર દષ્ટિએ અધ્યાપન કરાવવું.

## સ્વાધ્યાય

**સ. ૧.** **નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) બગીચો (૨) નકલી (૩) તૈયાર (૪) આભ

(૫) સફેદ (૬) મસ્તક (૭) જનતા (૮) તમામ

**સ. ૨.** **શબ્દની અંતાક્ષરી પૂર્ણ કરો :**

(૧) ઉપવન → ____________ → ____________ → ____________ → ____________

(૨) કુમાર → ____________ → ____________ → ____________ → ____________

(૩) મહારાજ → ____________ → ____________ → ____________ → ____________

(૪) આકાશ → ____________ → ____________ → ____________ → ____________

**સ. ૩.** **'રાજકુમાર' શબ્દના અક્ષરમાંથી અર્થપૂર્ણ શબ્દો બનાવો.**

**સ. ૪.** **નીચેના શબ્દ ચોરસમાંથી પાઠમાં આવતા પાત્રો શોધી તેની ફરતે ગોળ કરો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| અ | દુ | ર્યો | ધ | ન | ભી |
| પિ | ર્જુ | દ્રો | ણ | મ | યુ |
| તા | કૌ | ન | સે | ધિ | પાં |
| મ | ર | ન | ષ્ઠિ | ડ | દ્રુ |
| હ | વો | ર | વો | પ | ખ |
| પાં | ષ્ઠિ | ણ | દ | લ | ટ |

**સ. ૫.** **નીચેના શબ્દોના ઉલટા અર્થવાળો શબ્દ લખો :**

(૧) અપમાન (૨) સંતોષ (૩) દૂર (૪) બનાવટી (૫) જમણી (૬) ઇચ્છા

**સ. ૬. યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો :**

(૧) પાંડવો અને કૌરવો ________________.

(અ) સાંદિપની ઋષિ પાસે અભ્યાસ કરતા હતા (આ) ગુરુ દ્રોણ પાસે અભ્યાસ કરતા હતા

(ઇ) રામકૃષ્ણ પરમહંસ પાસે અભ્યાસ કરતા હતા

(૨) દૂર ઝાડ પરના બનાવટી પક્ષીની ________________.

(અ) ડાબી આંખ વીંધવાની છે (આ) જમણી આંખ વીંધવાની છે (ઇ) બંને આંખ વીંધવાની છે

(૩) દ્રોણે પોતાની ________________ થી દડો કાઢી આપ્યો.

(અ) અસ્ત્રવિદ્યાથી (આ) શસ્ત્રવિદ્યાથી (ઇ) બાણવિદ્યાથી

(૪) બાણવિદ્યાની પરીક્ષામાં અર્જુન સફળ થયો. કારણ કે ________________.

(અ) અર્જુન કુશળ હતો (આ) અર્જુનમાં એકાગ્રતા હતી (ઇ) અર્જુન ગુરુનો પ્રિય હતો

**સ. ૭. યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) દ્રોણ | (અ) રાજા |
| (૨) પાંડવો-કૌરવો | (આ) પિતામહ |
| (૩) ભીષ્મ | (ઇ) મહારાજ |
| (૪) ધૃતરાષ્ટ્ર | (ઈ) ગુરુ |
| (૫) દ્રુપદ | (ઉ) રાજકુમારો |

**સ. ૮. નીચેના વાક્યોને ઘટનાના ક્રમ પ્રમાણે ગોઠવો :**

(૧) અર્જુને ગુરુ પાસે બાણ છોડવાની આજ્ઞા માંગી. (૨) દ્રોણ હસ્તિનાપુર આવી પહોંચ્યા.

(૩) ગુરુ દ્રોણે રાજકુમારોની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. (૪) ગુરુએ નિશાન તાકવા દુર્યોધનને બોલાવ્યો.

(૫) દ્રોણ રાજકુમારોના ગુરુ તરીકે નિમાયા.

**સ. ૯. ઓળખો :**

(૧) કૌરવોના પિતા - (૨) દ્રુપદ રાજાના દરબારમાં અપમાનિત થનાર -

(૩) બનાવટી પક્ષીની ફક્ત જમણી આંખ જોનાર - (૪) પાંડવો અને કૌરવોના પિતામહ -

**સ. ૧૦. પાંચ પાંડવોના નામ લખી અર્જુન વિશે પાંચથી ૭ વાક્યો તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૧. યોગ્ય વિશેષણ લખો :**

(૧) ______ મંડપ (૨) ______ નગરજનો (૩) ______ સમય

(૪) ______ પક્ષી (૫) ______ તારા (૬) ______ આકાશ

સ. ૧૨. **રેખાંકિત શબ્દને ધ્યાનમાં રાખી વચન બદલો :**

(૧) ભાથામાં અનેક તીરો હતાં. તેમાંથી એક ______ ખાસ હતું.

(૨) જીવનમાં એક પરીક્ષા હોતી નથી, ઘણી ______ હોય છે.

(૩) સૌથી પહેલાં શુક્રનો તારો ઊગે પછી બીજા ______ ઊગે છે.

(૪) પક્ષીની એક આંખ વીંધવાની હતી. બન્ને ______ નહિ.

સ. ૧૩. **રેખાંકિત શબ્દની જાતિ બદલી વાક્ય ફરી લખો :**

(૧) રાજકુમાર શસ્ત્રવિદ્યા શીખ્યા .......... પણ શસ્ત્ર વિદ્યા......

(૨) નર પંખી માળો બાંધવા પીંછું લાવ્યો તો ...... પંખી પોચું રૂ........

(૩) ઘણા વિદ્યાર્થીઓ એન્જિનિયર બન્યા તો ઘણી .........ડૉક્ટર .............

(૪) આ શાળાના આચાર્ય સજ્જન છે તો પેલી શાળાના પણ ........ છે.

**સંભાષણ** ★ સાંદિપની ઋષિ અને કૃષ્ણ-સુદામા વિશે વર્ગમાં સમૂહ ચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ ગુરુ શિષ્યોની જાણીતી જોડીઓના નામ લખીને એક ભીંતપત્રક બનાવો.

### હું વાંચું ......... તમે પણ વાંચો.

### પારિતોષિકોનું મૂલ્ય

પુરસ્કારો-પારિતોષિકો જે-તે વ્યક્તિના કાર્ય તરફ લોકોનું ધ્યાન ખેંચવાનું કાર્ય કરે છે. પણ આવી ઘટના કેવળ કામચલાઉ હોય છે અને અંતે તો માણસ એના કાર્યથી જ ઊભો રહેતો હોય છે. (વળી) સમાજની બધી પ્રતિભાઓને કંઈ પોંખી શકાતી નથી. ઘણી પ્રતિભાઓ અને ઘણાં સત્કાર્યો પોંખાયાં વિનાનાં રહી જતાં હોય છે. ઘણાંની જાણ પણ થતી નથી. ઘણાં સુંદર કાર્યો પોંખાવાની અપેક્ષા વિના થયાં જ કરતાં હોય છે.


બીજી પણ વાત છે. ઇનામ-અકરામની વ્યવસ્થામાં આકસ્મિકતા ટાળી શકાતી નથી. અંગત રુચિનો ને કેટલીક વાર અંગત સંબંધનો પ્રભાવ ટાળી શકાતો નથી. વળી માણસમાં ઇનામ-અકરામ માટેની લાલસા પણ હોય છે. આ સ્થિતિ કેટલીક વાર ખટપટોને પણ અવકાશ આપે છે. ઇનામ-અકરામો કેટલીક વાર અયોગ્ય સ્થાને અપાતાં પ્રતીત થાય છે. પારિતોષિકો-પુરસ્કારો કેટલીક વાર ખોટાં મૂલ્યો ઊભાં કરતાં લાગે છે.

– જયંત કોઠારી

ઝાડ વિના પાન નહિ, ગુરુ વિના જ્ઞાન નહિ.


8UT4LY

★ નીચેના ચિત્રનું નિરીક્ષણ કરો અને સમજો.




# ધોરણ : આઠમું - સાહિત્યભારતી - અધ્યયન નિષ્પત્તિ


| અધ્યયન - અધ્યાપન પ્રક્રિયા | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| **દરેક વિદ્યાર્થીઓને (જુદી રીતે સક્ષમ વિદ્યાર્થીઓ સહિત) વ્યક્તિગત અથવા સામૂહિક સ્વરૂપે નીચેની બાબતો માટે પ્રોત્સાહિત કરવા.**<br>• પોતાની ભાષામાં બોલવાની તેમજ ચર્ચા તથા વિશ્લેષણ કરવાની તક આપવી.<br>• જૂથમાં કાર્ય કરતી વખતે એકબીજાના કામો વિશે ચર્ચા કરવી, મત લેવો-આપવો, પ્રશ્ન પૂછવાનું સ્વાતંત્ર્ય આપવું.<br>• ગુજરાતીની સાથે પોતાની ભાષાનું સાહિત્ય વાંચવાનું સ્વાતંત્ર્ય આપવું.<br>• પોતાના પરિવાર અને સમાજ સાથે સંબંધિત વિવિધ સાહિત્યનું વાંચન અને તેના વિશે ચર્ચા કરવાની તક આપવી.<br>• પોતાની ભાષા વાંચતી વખતે લખવાના સંદર્ભમાં કૃતિઓ આયોજિત કરવી. જેમકે શબ્દ રમત, કવિતા, ગીત, પત્ર વગેરે<br>• સક્રિય અને જાગૃત બનાવવા માટે તૈયાર કરવામાં આવતું સાહિત્ય જેમકે- વર્તમાનપત્ર, પત્રિકા, ચલચિત્ર, દશ્યશ્રાવ્ય સાહિત્ય વગેરે) જોવાની, સાંભળવાની, વાંચવાની, લખવાની તક આપવી.<br>• કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાનો વિકાસ કરનારી ક્રિયા જેમકે-અભિનય, મૂક અભિનય, કવિતા, પાઠ, સર્જનાત્મક લેખ, વિવિધ પરિસ્થિતિઓમાં સંવાદ વગેરેનું આયોજન કરવું અને તેની તૈયારી સંબંધિત લેખિત સાહિત્ય પૂરું પાડવું. | **વિદ્યાર્થીઓ**<br>08.LT.01 વિવિધ પ્રસાર માધ્યમો દ્વારા પ્રસારિત થતી ચર્ચા, સંવાદ બાબત પોતાનો અભિપ્રાય આપી શકે છે.<br>08.LT.02 સાર્વજનિક સ્થળો પરની સૂચના સમજપૂર્વક સાંભળે છે.<br>08.LT.03 ઔપચારિક અને અનૌપચારિક સંવાદ, સંભાષણ સાંભળીને તેમાં ભાગ લે છે.<br>08.LT.04 વિવિધ પ્રસંગે, વિવિધ ઉદ્દેશ માટે લખતી વખતે શબ્દ, વાક્ય, રૂઢિપ્રયોગ, કહેવતોનો યોગ્ય ઉપયોગ કરે છે.<br>08.LT.05 કવિતા, ગીત વગેરે યોગ્ય આરોહ, અવરોહ સહિત ગાય છે, તેની ઓડિયો સીડી સાંભળે છે.<br>08.LT.06 પાઠ્યપુસ્તક અને પુસ્તકેતર અન્ય સાહિત્યને સમજીને તેનું પ્રકટ વાંચન કરે છે.<br>08.LT.07 વિરામચિહ્નોને ધ્યાનમાં રાખીને પ્રકટ વાંચન કરે છે.<br>08.LT.08 સંદર્ભ માટે શબ્દકોશનો ઉપયોગ કરે છે.<br>08.LT.09 આપેલા વિષયનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપે છે.<br>08.LT.10 શબ્દસમૂહ, રૂઢિપ્રયોગ, કહેવતોનો લેખન અને ભાષણ સંભાષણમાં અસરકારક રીતે ઉપયોગ કરે છે.<br>08.LT.11 વિવિધ સામાજિક સમસ્યાઓ વિશે પોતાના વિચારો સ્પષ્ટપણે રજૂ કરે છે.<br>08.LT.12 લખતી વખતે શુદ્ધ લેખનના નિયમોનું પાલન કરે છે.<br>08.LT.13 સાંભળેલી, અનુભવેલી માહિતી પોતાના શબ્દોમાં લખે છે.<br>08.LT.14 ગુજરાતી ભાષાનું વિવિધ પ્રકારનું સાહિત્ય (વર્તમાન-પત્રો, માસિકો, વાર્તા, ઈન્ટરનેટ પર પ્રસિદ્ધ થતું સાહિત્ય) સમજીને વાંચે છે.<br>08.LT.15 વાંચેલા સાહિત્યનું ચિંતન કરીને આકલન માટે પ્રશ્ન પૂછે છે.<br>08.LT.16 પોતાના શબ્દોમાં ચિત્ર વર્ણન કરે છે.<br>08.LT.17 વ્યાકરણના ઘટકોની માહિતી મેળવે છે અને તેનો યોગ્ય ઉપયોગ કરે છે. દા.ત. સંધિ, જાતિ, વચન, નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ, કાળ, વિરામચિહ્નો, જોડણીના નિયમો. |


































- पाठ्यपुस्तक मंडळाची वैशिष्ट्यपूर्ण पाठ्येत्तर प्रकाशने.
- नामवंत लेखक, कवी, विचारवंत यांच्या साहित्याचा समावेश.
- शालेय स्तरावर पूरक वाचनासाठी उपयुक्त.

पुस्तक मागणीसाठी www.ebalbharati.in, www.balbharati.in संकेत स्थळावर भेट द्या.

**साहित्य पाठ्यपुस्तक मंडळाच्या विभागीय भांडारांमध्ये विक्रीसाठी उपलब्ध आहे.**

ebalbharati

विभागीय भांडारे संपर्क क्रमांक : पुणे - ☎ २५६५९४६५, कोल्हापूर- ☎ २४६८५७६, मुंबई (गोरेगाव) - ☎ २८७७१८४२, पनवेल - ☎ २७४६२६४६५, नाशिक - ☎ २३९१५११, औरंगाबाद - ☎ २३३२१७१, नागपूर - ☎ २५४७७१६/२५२३०७८, लातूर - ☎ २२०९३०, अमरावती - ☎ २५३०९६५



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.

गुजराती साहित्यभारती इयत्ता ८वी (संयुक्त)

₹ 30.00